શામળાજી પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૩૨૫૦૩૦૬/૨૫ ના કામે વચગાળાની કસ્ટડી તરીકે મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળેહુકમ

---

(૧) અરજદારે હાલની અરજી આ કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ '' સોનાનો દોરો નંગ-૧ જે શામળાજી પો.સ્ટે.માં તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ શામળાજી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૩૨૫૦૩૦૬/૨૫ ના કામે બી.એન.એસ.અધિનિયમની કમલ-૩૦૩(૨),૫૪ મુજબ ''(કે જેને હવે પછી 'મુદામાલ' તરીકે ઉલ્લેખ કરેલ છે તે) વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ અન્વયે, દાખલ કરેલ છે.અરજી અન્વયે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજી વંચાણે લીધી.અરજી સંબંધે અરજદારના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલ છે. અરજી સંબંધે અરજદાર તર્ફે રજુઆત કરવામાં આવેલ છે સદર મુદ્ધામાલ અરજદારની માલીકીનો છે,સદર મુદામાલનો પોતાના અંગત કામ સારુ ઉપયોગ કરે છે.સદર મુદામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે તથા સદર કામેના ગુન્હાની ટ્રાયલ ચાલવામાં સમય જાય તેમ હોઈ સદર મુદામાલ અરજદારની માલીકી અને કબજાનો છે અને સદર મુદ્દામાલ સોનાનો દોરો અમો અરજદાર અમારા અંગત કામકાજ અર્થે ઉપયોગ કરીએ છીએ અને જેથી અરજદારને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જાય છે. આ સંજોગોમાં અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) અરજીની હકીકત, બન્ને પક્ષોની રજુઆત,રેકર્ડ ધ્યાનમાં લેતા, મુદ્દામાલ પાવતી તેમજ પંચનામાની વિગતો ધ્યાને લીધા.આ કામે રજુ થયેલ ચાર્જશીટ , મુદ્ધામાલ પાવતી તથા પંચનામાની વિગતે સદર ગુન્હાના કામે અરજીમાં જણાવેલ મુદ્દામાલ પોલીસે કબજે લીધેલ હોવાની હકીકત જણાઈ આવે છે.

(૪) હાલની અરજી સંદર્ભે સૌ પ્રથમ તો કાયદાકીય જોગવાઈ તેમજ પ્રસ્થાપીત સીદ્ધાંતો લક્ષમાં લીધા. અરજદારે અરજી સાથે રજુ કરેલ મુદામાલ સોનાનો દોરો

નંગ–૧ તથા આધારકાર્ડ ઝેરોક્ષ નકલની વિગતો તથા અરજદારના ભાઈ કપીલ બંસવાલ કલાલનાઓએ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે સોનાનો દોરો તેમની બહેનને ભેટ રૂપે આપેલ હતો અને તેઓની બહેનને આપવવામાં આવે તો વાંધો નથી. તથા બીલની નકલ રજુ કરેલી છે.આમ,સદર મુદામાલ અરજદારના હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.વધુમાં,સદર કામે ચાર્જશીટ થઈ ગયેલ છે.તેમજ મુદ્ધામાલ સંબંધે અન્ય કોઈ ત્રાહીત ઈસમે હકક, દાવો કરેલ નથી કે સદર અરજી સબંધે અન્ય ત્રાહીત ઈસમ દવારા વાંધો, તકરાર લેવામાં આવેલ નથી. તે સંજોગોમાં મુદ્ધામાલ વિના કારણે પોલીસ સ્ટેશનમાં પડી રહે અને અરજદારને સોંપવામાં ન આવે તો અરજદાર ને હેરાનગતી થાય તેવી સંભાવના રહેલી છે તે હકીકત માનવા લાયક છે તથા અરજદાર ને પણ મુદામાલ અરજીમાં માંગ્યા મુજબનો પરત સોંપવામાં ન આવે તો તેઓને પણ તકલીફ અને અગવડતા સહન કરવી પડે તે સ્વાભાવિક છે.આમ, કેસની હકિકતો અને સંજોગો,ત.ક.અમલદારે રજુ કરેલ અભીપ્રાય તથા બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ તથા મુદામાલ પરત સોંપવા અંગેના પ્રસ્થાપિત કાનૂની સીધ્ધાંતોને ધ્યાને લેતાં હાલના અરજદાર મુદામાલ વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હકકદાર હોવાનુ ફલીત થાય છે ત્યારે અને તેવા સંજોગોમાં યોગ્ય રકમના જામીન રજુ કરેથી તથા શરતોને આધીન વચગાળાની કસ્ટડી માટે હાલના અરજદાર ને મુદ્દામાલ પરત સોપવો યોગ્ય અને ન્યાયી હોવાનુ ફલીત થાય છે. જેથી અરજી પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

## // **હુકમ** //

અરજદાર પટેલ કૈલાશબેન વાડીલાલ,ઉ.વ.૫૧,રહે.જાબચિતરિયા, તા.ભિલોડા,જી.અરવલ્લીની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદારને શામળાજી પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૩૨૫૦૩૦૬/૨૫ કામે કબજે લીધેલ મુદૃામાલ'' સોનાનો દોરો નંગ–૧ જે શામળાજી પો.સ્ટે.માં તા.૧૧

/०६/२०२५ ना रोज शामळाजी पो.स्टे.गु.र.नं.१११८८००३२५०३०६/२५ ना कामे बी.एन.एस.अधिनियमनी कमल–३०३(२) मुजब '' हालना कामेनी मुद्दामाल पावतीमां दर्शावेल किंमतथी दोढी रकम ना जामीन तथा तेटली ज रकमना बोन्ड रजु कर्येथी,नीचेनी शरतोने आधीन वचगाळाना हुकमे परत सोपवानो हुकम करवामां आवे छे.

**<u>शरतो:–</u>**

(१) अरजदारे मुद्दामाल सोनानो दोरो अदालत जयारे अने ज्यां फरमावे त्यारे अने त्यां रजु करवानुं रहेशे.

(२) अरजदारे पोताना रहेठाणनुं अने धंधानुं सरनामुं सोगंद उपर जाहेर करवानुं रहेशे.

(३) अरजदारे मुद्दामाल सोनानो दोरो हालना केसनो निकाल न थाय त्यां सुधी वेचाण,गीरो,बक्षीस के अन्य कोईपण रीते ट्रान्सफर के तबदील करवो नहीं के कबजो सोंपवो नहीं.

(४) मुद्दामाल अंगेना जामीन अरजदारे जे ते पोलीस स्टेशनना अधिकारीश्रीने आपवाना रहेशे.

(५) हुकम मुजब जामीन तथा बोन्ड संबंधीत पोलीस स्टेशने आपवा.

(६) हुकमना अमल माटे संबंधीत पोलीस स्टेशने यादी करवी.क

हुकम आज रोज तारीख:०८मी,माहे.जूलाई,सने–२०२६ना रोज खुल्ली अदालतमां वांची संभळावी जाहेर कर्यो.

તારીખ: ०८/०७/२०२६
મુકામ: ભીલોડા

(तुषारकुमार.वीराभाई.परमार)
एडी.चीफ ज्यु.मेजी.,
भिलोडा.
UID CODE GJ01084